Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# CIMS NEWS
# CARE & CURE

Price : ₹ 5/-

Volume-16 | Issue-174| January 25, 2025



CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-174 | January 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# રોટેબ્લેટર, ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ (FFR), અને આઈવીયુએસ (IVUS)



**ડૉ. ઉર્મિલ શાહ**

MD, DM (Cardiology),
The Fellow of the American College
of Cardiology (FACC), FESC
Interventional Cardiologist
International Scholar Cleveland Clinic USA
Specialist in Radial Intervention
+91 98250 66939
urmil.shah@cims.me, drurmil259@gmail.com

સારવારોની પસંદગી સમજદારીપૂર્વક કરો, કારણકે ઓછા ખર્ચાળ માર્ગના કારણે ખરાબ પરિણામ આવી શકે છે. નીચે જણાવેલ બે દર્દીઓ એક જ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં કેટલાક અઠવાડિયાઓના અંતરે આવ્યા હતા તીવ્ર હાર્ટ એટેક (પ્રદયરોગનો હુમલો) ના સખત દુખાવા સાથે. તેઓ બંને એ અલગ અલગ સારવારના વિકલ્પોની પસંદગી કરી –જેમાં એકની કિમત બીજી સારવાર કરતાં ઘણી વધારે હતી – અને બંને વિકલ્પના પરિણામો મોટા પ્રમાણ માં જુદા હતા.

ખર્ચાળ સારવાર વિકલ્પ :

શ્રીમાન એ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં છાતીના દુખાવા અને ગંભીર હાર્ટ એટેકના લક્ષણો સાથે આવ્યા હતા, તે હૃદયની મુખ્ય ધમની, જે પદયના લોહી પંપ કરનારા મુખ્ય ચેમ્બર (ખંડ) ને લોહી પહોંચાડે છે તેમાં લોહી નો ગઠ્ઠો જામવાને કારણે થઈ હતી.

પ્રદયના વિશેષજ્ઞ ડોક્ટર સાથે ચર્ચા કર્યા પછી, તેમણે બલૂન કેથેટરો વડે અને સ્ટેન્ટ, કે જે નાની જાળીની બનેલી હોય છે, તેને પ્રદયની ધમનીમાં દાખલ કરીને પ્રદયની ધમનીને તાત્કાલિક ખોલવાના વિકલ્પની પસંદગી કરી. આ પ્રક્રિયાને પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) કહેવાય છે. જેમાં નળી ખોલવાની શક્યતા ૯૫ થી ૯૮ ટકા રહેલી છે

એક ગંભીર હાર્ટ એટેકમાં, એક એક મિનિટ મહત્વની હોય છે, કારણકે જેમ જેમ દરેક મિનિટ પસાર થાય છે, તેની સાથે વધુને વધુ પ્રદયના કોષો મારવા લાગે છે. આ દર્દીને ઈમરજન્સી વિભાગ માંથી તાત્કાલિક ઇન્વેસિવ કાડિયોવાસ્ક્યુલર લેબોરેટરીમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં સફળતાપૂર્વક પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) ની પ્રક્રિયા કરવામાં આવી હતી. દર્દીને રજા આપી તે દિવસે તેમના પ્રદયનું પમ્પીંગ ૫૫ ટકા હતું જે લગભગ જે સામાન્ય જેવુ હતું. થોડા દિવસો પછી તેઓ ઘરે પાછા ગયા હતા અને પછી થોડાં સમય માંજ તેઓ પોતાના સામાન્ય નિત્યક્રમમાં પાછા ફરવા માટે સક્ષમ હતા.

'સસ્તો' સારવાર વિકલ્પ :

શ્રીમાન બી ને પણ એક ગંભીર હાર્ટ એટેક હતો તેમણે ઈમરજન્સી પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) ને બદલે, સારવારના સસ્તા વિકલ્પનું ચયન કર્યું હતું —જે લોહીના ગઠ્ઠાને ઓગાળતી દવાનો હતો જેણે જેને થોમ્બોલીટીક થેરાપી કહેવાય છે.

લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવા આપવી એ એક માનક સારવાર છે. લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દાવાઓનો ઘણી હોસ્પિટલમાં ઉપયોગ થવાનું ચાલુ છે, ખાસ કરીને એ હોસ્પિટલોમાં જેઓ તત્કાળ પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) પ્રક્રિયાની સેવાઓ આપવામાં અસમર્થ છે. લોહીના ગઠ્ઠાને ઓગળવાની નવી દવાઓના ઉપયોગ થી ૬૦ થી ૭૦ ટકાની ઉપરના સફળતાના દરો નોંધવામાં આવ્યા છે. પરંતુ તે પણ જે પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી કરતા ઘણો જ ઓછો છે. તદ્ઉપરાંત લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓના કારણે મગજમાં રક્ત સ્ત્રાવ થવાનું ૧ ટકાનું જોખમ રહે છે અને અમુક ટકાનું જોખમ શરીરમાં અન્ય કોઈ જગ્યા એ રક્ત સ્ત્રાવ થવાનું જોખમ રહે છે.

શ્રીમાન બી ના કમનસીબે, લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દાવા તેઓની પ્રદયની અવરોધિત ધમનીને ખોલવામાં નિષ્ફળ રહી. તેના કારણે, તેઓના પ્રદયના સ્નાયુઓનો નોંધપાત્ર ભાગ ધીમે ધીમે ક્ષતિગ્રસ્ત થઈ ગયો, જેના કારણે તેની લોહીને પંપ કરવાની ક્રિયા નબળી પડી ગઈ. જેથી તેમનું બ્લડ પ્રેશર (રક્તચાપ / લોહીનું દબાણ) ઘટી ગયું. ઇન્ટેન્સિવ કેર યુનિટમાં તેઓને પૂરતું ધ્યાન મળ્યું હોવા છતાં, સતત નીચા બ્લડ પ્રેશરના કારણે તેઓની કિડનીમાં લોહીનો પ્રવાહ ઓછો થઈ ગયો, અને કિડની પોતાનું કાર્ય કરવામાં નિષ્ફળ બની જાય તે પરિસ્થિતિ ઉભી થઈ ગઈ હતી.

તે પછી તેઓના પરિવારે પ્રદયની ધમનીઓને સ્ટેન્ટો વડે ખોલવા માટે સંમતિ આપી. ત્યાં સુધી, પદયનું લોહીને પંપ કરનાર મુખ્ય સ્નાયુ એટલું વધુ અને ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું કે, એન્જીયોપ્લાસ્ટી થવા છતાં પણ, તેઓનું પદય નબળું જ રહ્યું અને તેઓનું બ્લડ પ્રેશર સતત નીચું જ રહેતું હતું.

તેઓનું જીવન બચાવવા માટેના છેલ્લા પ્રયતોમાં, એક આર્ટિફિશિયલ હાર્ટ ડિવાઈસ (પ્રદયમાં બેસાડવામાં આવતું એક કૃત્રિમ ઉપકરણ) તેઓના પ્રદયમાં બેસાડવામાં આવ્યું. તેના કારણે તેઓનું સ્વાસ્થ્ય ઘણા દિવસો બાદ સ્થિર થયું. રજાવખતે કરેલા ઈકોમાં તેમના પ્રદયનું પમ્પીંગ માત્ર ૨૫ ટકા હતું. જે સામાન્ય માણસના પ્રદયના પમ્પીંગ કરતા ઘણુ ઓછુ હતું. આ દર્દીને રજા આપ્યા પછી 3 મહિનામાં બે વખત શ્વાસની તકલીફ માટે દાખલ થવું પડ્યુ હતું અને રોજ લેવી પડતી દવાઓ પણ ઘણી વધારે માત્રામાં અને ઘણી જ મોઘીં હતીં. અને



JCI (USA) NABL ACC

તેઓ સામાન્ય ક્રિયાઓ પણ જેમ કે સીડી ચઢવી, વધારે ઘરમાં હરવું-ફરવુ એ પણ કરી શકતા નહતા. આવુંને આવું ચાલશે તો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જે ખૂબ જ જટિલ અને મોઘું ઓપરેશન છે તે કદાચ કરાવવાનું પડશે.

આ દર્દી માટે લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દાવાઓ માટેનું તેઓનું શરૂઆતનું થોડા હજારો રૂપિયાનું બિલ વધીને લખો રૂપિયાનું થઈ ગયું હતું અને તેમ છતાયં સામાન્ય માનવી જેવું જીવન જીવી શકતા નથી.

શ્રેષ્ઠ નિર્ણય લેવો એક ગંભીર હાર્ટ એટેકમાં, બંને તત્કાળ પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) અને લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓ એ બંને સ્વીકાર્ય વિકલ્પો છે.

તત્કાળ PCI માત્ર એ જ હોસ્પિટલમાં થઈ શકે છે જ્યાં પ્રદય રોગ માટેના અનુભવી નિષ્ણાંત ડોક્ટરો હોય, ઉચ્ચ રીતે પ્રશિક્ષિત સ્ટાફ હોય, પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) ની પ્રક્રિયા કરવા માટેની સુવિધાઓ હોય અને ૨૪ કલાક સેવાઓ મળતી હોય. દર્દીને લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓ આપવા માટે કોઈ ખાસ સુવિધાઓની જરૂર હોતી નથી અને તેઓ પ્રદય રોગના કોઈ પણ નિષ્ણાંત ડોક્ટર દ્વારા આપી શકાય છે, માટે જ્યારે હાર્ટ એટેકનો હુમલો આવ્યો હોય ત્યારે તાત્કાલીક એવી જગ્યાએ પહોચવું જ્યાં ઈમરજન્સીમાં સમયનો બગાડ વગર, પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી સારવાર શક્ય હોય જેથી સફળતાની શક્યતા વધારે રહે અને પ્રદય નબળુ ન પડે જેથી લાંબા ગળામાં પરિણામ સારુ રહે અને લાંબા ગાળામાં ઓછી દવાઓની જરૂર પડે તેમજ સામાન્ય માનવી જેવું જીવન જીવી શકાય.

નાણાકીય દષ્ટિકોણથી, તત્કાળ પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) નો ખર્ચો લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓના ખર્ચા કરતાં ૫-૭ ગણો વધારે હોય શકે છે, તેથી લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓનો વિકલ્પ કદાચ શરુઆતમાં સસ્તુ હોવાને કારણે વધુ આકર્ષક લાગી શકે છે. કમનસીબે, સસ્તો વિકલ્પ કેટલાક સમાધાનો સાથે આવે છે – તેનો સફળતાનો ઓછો દર અને મગજમાં રક્ત સ્ત્રાવ થવાની સાથો સાથ શરીરમાં રક્ત સ્ત્રાવ થવાનું ઉચ્ચ જોખમ. શ્રીમાન બીના કિસ્સામાં, "સસ્તા" વિકલ્પ, તેઓના જીવનની ગુણવત્તા અને તબીબી સંભાળના અંતિમ ખર્ચની દ્રષ્ટિએ તેઓને ખૂબ જ મોંઘી / ખર્ચાળ પડી.

એક ગંભીર હાર્ટ એટેકમાં, કોઈ બે મત નથી કે તત્કાળ પ્રાઈમરી એન્જીયોપ્લાસ્ટી (પામી) આવા દર્દીઓ માટે એક શ્રેષ્ઠ વિકલ્પ છે. લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટેની દવાઓના "સસ્તો" વિકલ્પ કરતા પ્રાયમરી એન્જીયોપ્લાસ્ટી જ્યારે પણ તાત્કાલિક ધોરણે શક્ય હોય તો તેનો જ આગ્રહ રાખવો જોઈએ જેથી લાબાં ગાળાનું સામાન્ય વ્યક્તિ જેવુ જીવન જીવી શકાય.



CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-174 | January 25, 2025

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

## બાળકોની હાર્ટસર્જરી આટલી ખર્ચાળ કેમ છે



ડૉ. શૌનક શાહ

MS, MCh, DNB
Paediatric &
Structural Cardiac Surgeon
+91 98250 44502
shaunak.shah@marengoasia.com

ત્રણ કિલો વજનવાળી, દોઢ મહિનાની કાવ્યાને શ્વાસમાં તકલીફ થઈ. બાળકોના ડોકટરને ન્યુમોનિયા ઉપરાંત હાર્ટમાં પ્રોબ્લેમ જેવું લાગ્યું, એટલે તેમણે પેડીયાટ્રીક કાર્ડીયોલોજીસ્ટ પાસે ઈકો કરાવ્યો. ઈકોમાં બાળકની બધી જ ફેફસાની નસો ખોટી જગ્યાએ ખુલતી દેખાઈ. આને લીધે ફેફસાનું પ્રેશર વધી અને બાળકને ન્યુમોનીયા થતા દાખલ કરવું પડ્યું. (Total Anomalous Pulmonary Venous Connection Severe Pulmonary Hypertension, RV dysfunction) સીટી સ્કેનથી આ જ નિદાન પાકું થયુ અને બાળકને તાત્કાલિક ઓપરેશન માટે લેવું પડયું. સફળ ઓપરેશન બાદ બાળકના ફેફસામાં રીકવરી ધીમી હતી. આ માટે બાળકને H.F.O (હાઈ ફ્રીકવન્સી ઓસીલેશન) વેન્ટીલેટર પર મૂક્યું, ઉપરાંત ભારે એન્ટીબાઓટીસ આપ્યા. બ્લડ, યુરીન, અને અન્ય કલ્ચર કરાવા પડયા, વેન્ટીલેટર પર બાળક હોવાથી વારંવાર બ્લડ ગેસ પણ કરવા પડયા.

પંદર દિવસની ઘનિષ્ઠ સારવાર બાદ બાળકના ફેફસામાં ધીરે ધીરે રીકવરી આવી.

ત્રણ અઠવાડીયા પછી, બાળકને જયારે રજા આપવામાં આવી ત્યારે બીલ અંદાજીત ખર્ચ કરતા બમણું થઈ ગયું. બાળકના સાજા થવાની ખુશી સામે વધારાના ખર્ચનો બોજ સાધારણ લાગ્યો, પણ બાળકના પુછ્યા વગર રહી ન શકયા: સાહેબ, આટલું બધુ બિલ ?

બિલ વધવાના મુખ્ય કારણો મોંઘી ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે છે. એડવાન્સ તપાસ જેમ કે સીટી સ્કેન વગેરે ખર્ચાળ છે. પણ યોગ્ય નિદાન માટે આવશ્યક પણ છે. નવા વેન્ટીલેટર જેમ કે H.F.O Ventilator અને નાઈટ્રીક ઓકસાઈડ થેરાપીથી ફેફસાંનું પ્રેશર ઓછું કરવામાં મદદ રહે છે અને આ પધ્ધતિ પણ અત્યારે ખર્ચાળ છે.

તેજ પ્રમાણે, બ્લડ ગેસ એનાલીસીસ, ભારે એન્ટીબાઓટીકસની દવાઓ, આ બધું જ ખર્ચાળ છે.

તો આનું સોલ્યુશન શું છે?

આનુ એક માત્ર સોલ્યુશન છે: ચિલ્ડ્રન હાર્ટ ફંડ દર વર્ષે મેરિંગો સીમ્સ હોસ્પિટલમાં લગભગ ૨૦૦ થી ૩૦૦ બાળકોને વિવિધ જન્મજાત હૃદયની ખામીની સારવાર થાય છે. વર્ષને અંતે લગભગ ૩૦ થી ૪૦ લાખ રૂપિયાની મદદની જરૂર હોય છે.

સેવાભાવી સજ્જનો/સન્નારીઓ, સંસ્થાઓ આ પૂણ્યકાર્યમાં જોડાઈ શકે છે. આ ફંડમાં ડોનેશ ઈન્કમટેક્ષના નિયમ પ્રમાણે કપાતને પાત્ર છે.





# Ergonomics of Back Care



**Dr T.K.B. Ganapathy**
**MS (Gen), DNB (Neurosurgery),**
**Apollo Hospitals, Chennai**
**Fellow FHU (Japan)**
**Minimally Invasive and Endoscopic Brain & Spine Surgeon**
**+91 98795 26241**
**ganpathy.bala@marengoasia.com**

## INTRODUCTION

- Our back is one of the strongest anatomical structures of our body.
- Despite this, about 80% of the population will experience back pain at some stage in their lives.
- Even though back pain is common and may cause some people considerable pain, serious or permanent damage is rare. Fear and misunderstanding are two important factors that can delay recovery.

### Understanding back pain

- People who remain active and get on with their lives despite feeling back pain tend to do better than people who avoid physical activity.
- Also, when you've had one episode of back pain, you may have another in the future.
- You may need to rest for the first day or two, but try to resume your daily activities as soon as you are able.
- Surgery is rarely required for back pain, but clinical examination is the best step to decide if surgery should even be contemplated.

### How can I prevent back pain from becoming chronic

- One of the most important things to do is to play an active role in your recovery, rather than looking for a prescription or specific treatment as the answer.
- People who reconnect with work, even if they have to modify their activities for a while, are more likely to recover.

### Spine

The main functions of the spine are to :

- Support the trunk and the head
- Allow flexibility of the body
- Protect the spinal cord

Most back pain does not indicate any serious injury or damage.

### Warning signs

Consult your doctor as soon as possible if you have back pain and develop any of the following signs or symptoms:

- Pain that spreads down your leg, especially below the knee, and is accompanied by weakness, tingling, or numbness
- Severe pain that worsens over several weeks
- Problems with urinating or bowel movements
- Numbness, especially in the area around your anus or groin
- Fever
- Unintended weight loss

### When back pain occurs

Here are some things you can do:

- Use some measure to control pain.
- Modify your activities for a short time, if necessary.
- Most importantly, stay active and get on with your life.

### Posture and a healthy back

Proper spinal curves produce proper posture, which will result in comfort. A normal spine is shaped as a double S-curve with two curves to the front and one to the back. These curves balance each other so that the head is supported on a pillar.

### Good posture—lying down

There is no perfect mattress or pillow that will resolve back pain. A good mattress for you is one that allows you to sleep well and awake refreshed.

### Safe bending, lifting and carrying

- Place your feet apart for good balance.
- Bend your knees.
- Hold the object as close to your body as possible.
- Lift smoothly and slowly.
- Pivot with your feet; don't twist the back.
- Push, rather than pull a load.
- Share the load; work with a partner.
- Get mechanical assistance for heavy loads.

### Exercise and your back

Exercise is the only way to keep your muscles healthy. Exercise to

- Build strength and endurance for more efficient support and better posture
- Stretch shortened muscles that are causing imbalances
- Maintain mobility of joints



# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ

જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત

અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિકસન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઇન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

Volume-16 | Issue-174 | January 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ. નિલેશ ટોકે (દર ગુરુવારે)**
- ડાયાબિટીસ અને મેદસ્વિતાના નિષ્ણાંત - **ડૉ રિકિન શાહ (પહેલા અને ત્રીજા ગુરુવારે)**
- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ (બીજા અને ચોથા ગુરુવારે)**
- કેન્સરના નિષ્ણાંત (રેડિયેશન ઓન્કોલોજીસ્ટ) - **ડૉ. મલ્હાર પટેલ, ડૉ. મૌલિક ભેંસદડિયા (બીજા અને ચોથા ગુરુવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ (બીજા શનિવારે)**
- એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન - **ડૉ વિકાસ પટેલ (ત્રીજા શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડો. મયુર પાટિલ (ત્રીજા શનિવારે)**
- મગજના રોગોના નિષ્ણાંત - **ડો. કેવલ ચાંગડિયા (ચોથા બુધવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ અમિત ચંદન (ચોથા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**
**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**
**82380 95712**

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સમગ્ર ભારત માં અગ્રેસર


**7** લંગ ટ્રાન્સપ્લાન્ટ (ફેફસા)



**67** લીવર ટ્રાન્સપ્લાન્ટ




**240+** બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ



**55** હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદય)



**127** કિડની ટ્રાન્સપ્લાન્ટ



**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025**


**If Undelivered Please Return to**


**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેસ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.









**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિ:શુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેસ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.